| | |
|---|---|
| ૨૩૨૫૪૫૦૬ (નિયામક)<br>૨૩૨૫૪૪૧૧ (સંયુક્ત નિયામક)<br>૨૩૨૫૨૨૨૮ (હિસાબી અધિકારી)<br>૨૩૨૫૪૯૯૪ (ટી.સી.બ્રાંચ)<br>ફેક્સ નં. (૦૭૯) ૨૩૨૫૯૭૬૦ | **હિસાબ અને તિજોરી નિયામકની કચેરી,**<br>ગુજરાત રાજ્ય<br>વિમા અને લેખા ભવન બ્લોક નં.૧૭ ,ડૉ.જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર<br>E mail address:- supt-tc-dat@gujarat.gov.in |

હિતિનિ/ટીસી/ફા.નં.૧૩૪/પે.અદાલત/૨૦૧૯/૩૬૫૩ તા.૦૩/૦૮/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા/તિજોરી અધિકારીશ્રી
જિલ્લા તિજોરી/પેન્શન ચુકવણા/ કચેરી
ગાંધીનગર,અમદાવાદ,સુરત,રાજકોટ,વડોદરા,તમામ.

વિષય:- પેન્શન અદાલત યોજવા બાબત.
સંદર્ભ:- નાણાં વિભાગનો તા.૨૯/૦૭/૨૦૧૯ નો પત્ર ક્રમાંક:- પશન/૧૦૨૦૧૮/ઓ-૭૪૮/પી

માનનીયશ્રી,

ઉક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત નાણાં વિભાગના પત્ર સાથે સામેલ ભારત સરકારના તા.૨૮/૦૬/૨૦૧૯ ના પત્રથી જણાવ્યાં મુજબ તા.૨૩/૦૮/૨૦૧૯ ના રોજ ગુજરાત રાજ્યમાં ચાર ઝોનમાં પેન્શન અદાલતનું આયોજન કરવાનું નિર્ધારીત કરેલ છે. તેથી આપના જિલ્લાઓના પેન્શનર સમાજના પ્રતિનીધિઓને આ સાથે સામેલ પ્રેસનોટની નકલ અને અરજીનો નમૂનો તાત્કાલિક મોકલાવી અને જે પેન્શનરને રજુઆત કરવાની હોય તેઓએ મોડામાં મોડું તા.૧૩/૦૮/૨૦૧૯ સુધી તેઓની રજુઆત ચોક્કસ કરેલ નમૂનામાં હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીને નીચેના સરનામે મોકલી આપવા જણાવવું. તેમજ અરજી કરેલ પેન્શનર જે જિલ્લામાંથી પેન્શન મેળવતા હોય તે જિલ્લાની પેન્શન અદાલતના ઝોનમાં અચૂક હાજર રહેવા જણાવવા વિનંતી છે.

આ ઉપરાંત સંબધિત જીલ્લા તિજોરી / પેંશન ચૂકવણાં કચેરીના અધિકારીશ્રી પણ પેન્શન અદાલતમાં તા. ૨૩/૦૮/૨૦૧૯ના રોજ તેમના જિલ્લાના ઝોનમાં હાજર રહેવાનું રહેશે.

<u>અરજી મોકલવાનું સરનામું:-</u>

હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, બ્લોક નં-૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.૩૮૨૦૧૦

આપનો વિશ્વાસુ

બિડાણ:-ઉપર મુજબ

નાયબ નિયામક

## અખબારી-યાદી

આથી ગુજરાત રાજ્યનાં પેન્શનરોને જણાવવાનું કે, નાણાં વિભાગ, ગાંધીનગર દ્વારા ચાર ઝોનમાં તા:૨૩/૦૮/૨૦૧૯ નાં રોજ પેન્શન અદાલતનું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલ છે. ચાર ઝોનમાં નીચે મુજબ રાજ્યનાં જિલ્લાઓની વહેંચણી કરવામાં આવેલ છે.

| ઝોન | પેન્શન અદાલતનું સ્થળ | સમાવિષ્ટ જિલ્લાઓ |
|---|---|---|
| રાજકોટ | એ.વી.પારેખ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ (કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટ સેમીનાર હોલ), હેમુ ગઢવી હોલની સામે, ટાગોર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ | દેવભુમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીર-સોમનાથ, અમરેલી, જામનગર, રાજકોટ, મોરબી, બોટાદ, સુરેન્દ્રનગર, ભાવનગર |
| ગાંધીનગર | કોમર્સ કોલેજ, ઓડીટોરીયમ, સેક્ટર-૧૫, ગાંધીનગર | અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, ખેડા, આણંદ, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, સાબરકાંઠા |
| બનાસકાંઠા | કનુભાઇ મહેતા હોલ, વિદ્યામંદિર સ્કુલ સંકુલ, પોલીસ હેડક્વાર્ટર રોડ, પાલનપુર | કચ્છ, બનાસકાંઠા, પાટણ, |
| સુરત | ડીપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ, પહેલો માળ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત | સુરત, વલસાડ, નવસારી, ડાંગ-આહવા, તાપી, ભરૂચ, નર્મદા, છોટાઉદેપુર, વડોદરા |

પેન્શનરશ્રીઓએ તેઓની નીચે મુજબનાં મુદ્દાઓ પરત્વેની રજુઆત તિજોરી નિયંત્રણ શાખા (પેન્શન), હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, બ્લોક નં-૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને તા:૧૩/૦૮/૨૦૧૯ સુધી મોકલવાની રહેશે.

(૧) તા.૦૧/૦૧/૨૦૧૬ પહેલા કે પછીના નિવૃત થયેલ હોય અને તેમને સાતમા પગારપંચ મુજબ પેન્શન રીવાઈઝ થયેલ ન હોય.

(૨) તા.૦૧/૦૧/૨૦૧૬ પહેલા કે પછીના કામચલાઉ પેન્શન મેળવતા કર્મચારીઓનું કામચલાઉ પેન્શન સાતમાં પગારપંચ મુજબ રીવાઈઝ થયેલ ન હોય.

(૩) નિવૃતિ/અવસાનને ૬ માસ જેટલો સમય થઈ ગયેલ હોય અને નિયમિત પેન્શન/કામચલાઉ પેન્શન, કુટુંબ પેન્શન મંજુર થયેલ ન હોય.

(૪) ૫૦% પેન્શન અને ૩૦% કુટુંબ પેન્શન નિવૃતિ સમયની કચેરી દ્વારા મંજુર થઈ ગયેલ હોય અને જિલ્લા તિજોરી કચેરી/પેન્શન ચુકવણા કચેરી દ્વારા ચુકવણું કરેલ ન હોય.

નોંધ: પેંશન અદાલતમાં સંબંધિત રજુઆતકર્તા પેંશનરે જ હાજર રહેવાનું રહેશે.

નાયબ સચિવ

નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય

# તા.૨૩/૦૮/૨૦૧૯ ના રોજ આયોજિત પેન્શન અદાલત સમક્ષ રજૂ કરવાના કેસોનો

## <u>અરજીનો નમૂનો</u>

| | | |
|---|---|---|
| પેન્શનરનું પુરું નામ | : | |
| પીપીઓ નંબર | : | |
| પેન્શનરનું સરનામું | : | |
| પેન્શનરની નિવૃતિ/અવસાનની તારીખ | : | |
| પેન્શનર જ્યાંથી નિવૃત થયા હોય તે કચેરીનું નામ- સરનામું | : | |
| પેન્શન ચુકવણા કચેરી/જિલ્લા તિજોરી કચેરી | : | |
| જે બેંકમા પેન્શન જમા થતું હોય તે બેંક/બ્રાંચનું નામ | : | |
| પેન્શનરની માંગણી | : | નીચેના પૈકી જે લાગુ પડતું હોય તે ટીક કરવું |

☐ તા.૦૧/૦૧/૨૦૧૬ પહેલા કે પછીના નિવૃત થયેલ હોય અને તેમને સાતમા પગારપંચ મુજબ પેન્શન રીવાઈઝ થયેલ ન હોય.

☐ તા.૦૧/૦૧/૨૦૧૬ પહેલા કે પછીના કામચલાઉ પેન્શન મેળવતા કર્મચારીઓનું કામચલાઉ પેન્શન સાતમાં પગારપંચ મુજબ રીવાઈઝ થયેલ ન હોય.

☐ નિવૃતિ/અવસાનને ૬ માસ જેટલો સમય થઈ ગયેલ હોય અને નિયમિત પેન્શન/કામચલાઉ પેન્શન, કુટુંબ પેન્શન મંજૂર થયેલ ન હોય.

☐ ૫૦% પેન્શન અને ૩૦% કુટુંબ પેન્શન નિવૃતિ સમયની કચેરી દ્વારા મંજુર થઈ ગયેલ હોય અને જિલ્લા તિજોરી કચેરી/પેન્શન ચુકવણા કચેરી દ્વારા ચુકવણું કરેલ ન હોય.

☐ **અન્ય ફરીયાદ**

વિગત:-______________________________

______________________________

______________________________

**નોંધ:- નીતિ વિષયક, નામદાર કોર્ટ-ટ્રીબ્યુનલમાં પડતર હોય તેવા કેસો તથા પેન્શન સિવાયની બાબતો જેવી કે ઉચ્ચતર પગાર ધોરણ, પગાર ચકાસણી વગેરે પેન્શન અદાલત સમક્ષ રજુ કરવા નહિ.**

**તારીખ:-**..........................

**સ્થળ:-** ..........................

..........................................

(પેન્શનરની સહી)